




થોડા સમય અગાઉ આવેલ ભારે વાવાઝોડાને કારણે તુટી પડેલા ઝાડ અને સાઈનબોર્ડને ખસેડવાની કામગીરી કયા કારણસર ધીમીગતીએ ચાલે છે તે વિશે સૌ મૌન છે. રસ્તાને અડીને જ આવા દશ્યો દેખાવા છતા કોઈની નજર કેમ પડતી નથી. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-પમાં મરણ પ્રસંગે હાજરી આપીને ઘરે જતી મહિલાનો દોરો ખેંચાયો

## પલ્સર બાઈક પર આવેલા યુવાન શખ્સ ચેઈન સ્નેચિંગ કરીને ફરાર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-પ ખાતે રહેતી એક મહિલા ગઈ કાલે સવારના અરસામાં મરણ -સંગે હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન પલ્સર બાઈક પર આવેલા એક ચેઈન સ્નેચર શખ્સે ગળામાં હાથ મારીને સોનાનો કીમતી દોરો ખેંચી લીધો હતો અને પળવારમાં જ રફૂફુંચક્કર થઈ ગયો હતો.આ બનાવ અંગે મહિલા સે.૭ પોલીસ મથક માં ફરિયાદ આપવા ગઈ હતી.જો કે પોલીસ નું કહેવું છે કે રેકર્ડ પર કાઈ આવ્યું નથી.

શહેરના સે.પ માં રહેતી મહિલા તેમના ઘરની નજીકમાં જ એક મરણ -સંગે હાજરી આપવા ગઈ કાલે સવારે ગયા હતા.ત્યાંથી ઘર તરફ ચાલતા ચાલતા પરત જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં એક પલ્સર ચાલક તેમની સામે આવી ને ઉભો રહી ગયો અને ગળામાં પહેરેલો સોનાનો વજનદાર દોરો આંચકી લઈ ત્યાંથી ભાગ્યો હતો.મહિલા એ બુમાબુમ કરતા આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચર શખ્સ ફરાર થઈ ગયો હતો.મહિલા ફરિયાદ કરવા પોલીસ સ્ટેશન પણ પહોંચી હતી પરંતુ આવી કોઈ ફરિયાદ આવી ન હોવાનું સે.૭ પોલીસ જણાવી રહી છે.

# ધોળાકૂવામાં થયેલી કિશોરીની હત્યા પ્રકરણ વધુ રહસ્યમય બન્યું

## પાંચ શકમંદોના કરાયેલા ટેસ્ટના રીપોર્ટ નોર્મલ આવ્યા : બીજા ત્રણ વ્યક્તિઓના એસ.ડી.એસ. ટેસ્ટ થશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર માં ચકચાર મચાવી દેનાર ધોળાકુવા ની કિશોરીના હત્યા -કરણમાં પોલીસ હજુ સુધી હત્યારાઓ સુધી પહોંચી શકી નથી.કિશોરીની હત્યા કરીને એક કોથળામાં પૂરી દઈને ગામ ની સીમ માં ફેંકી દેવાઈ હતી.આ ઘટના માં પોલીસ ને મૃતક યુવતી ની માતા સહીત પાંચ વ્યક્તિઓ પર શંકા ગઈ હતી તે તમામના એસ.ડી.એસ ટેસ્ટ ગાંધીનગર એફ.એસ.એલ ખાતે કરવામાં આવ્યા હતા.તે તમામ શંકાસ્પદોના ટેસ્ટ ના રીપોર્ટ નોર્મલ આવતા હત્યા કેસ વધુ રહસ્યમય બની ગયો છે.હજુ પોલીસને ત્રણ વ્યક્તિ પર શંકા છે જે ત્રણેયના ટેસ્ટ માટે એફ.એસ.એલ પાસેથી સમય માંગવામાં આવ્યો છે.હવે જોવું રહ્યું કે પોલીસને આ રહસ્ય પરથી પડદો હટાવી હત્યાનો ભેદ ઉકેલવામાં સફળતા મળે છે કે કેમ..??

ધોળાકુવા ગામની ૧૭ વર્ષની કિશોરી પડોશીને ત્યાં ટી.વી જોવા ગયેલી અને લાપતા થઈ ગઈ હતી.બીજે દિવસે વહેલી સવારે તેણીની લાશ કોથળામાં બાંધેલી હાલતમાં મળી આવી હતી.હજુ સુધી આ કિશોરીની હત્યા કોણ અને કેમ કરી ગયું તે કાઈ જ બહાર આવી શક્યું નથી.પોલીસ ને મૃતક કિશોરીના ભાઈ,માતા અને ત્રણ પડોશીઓ મળીને પાંચ જણા સામે શંકા જતા એસ.ડી.એસ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.તે પાંચેયના રીપોર્ટ નોર્મલ આવ્યા છે.હવે પોલીસ બીજા ત્રણ શંકા ના દાયરામાં આવેલા પિતરાઈ ભાઈ,તેની પત્ની અને એક પડોશી ના એસ.ડી.એસ ટેસ્ટ કરાવશે.તેના માટે પોલીસે એફ.એસ.એલ પાસે સમય માંગ્યો છે.આ હત્યા કેસ વધુ ને વધુ રહસ્યમય બનતો જાય છે.

# ગાંધીનગર પોલીસનું બે દિવસમાં સરેરાશ : ૮૦ ટકા મતદાન કર્યુ

## પોસ્ટલ બેલેટ મતદાનમાં પ્રથમ દિવસે ૬૦ ટકા અને બીજા દિવસનું મળી કુલ ૮૦ ટકા મતદાન નોંધાયુ

ગાંધીનગર, તા. ૨૫

લોકસભાની ચૂંટણીમાં લોખંડી સુરક્ષા કરતા પોલીસ જવાનોનું પોસ્ટલ બેલેટ મતદાનનું બે દિવસીય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે ઉત્સાહપૂર્વક પોલીસ જવાનોએ મતદાન કર્યું હતું જ્યારે બીજા દિવસે મતદાન કરવામાં જવાનો નીરસ જણાતા હતા. બન્ને દિવસનું મળી ૮૦ ટકા જેટલુ મતદાન થયું છે.

લોકસભાની ચૂંટણીમાં મતદાન પહેલા મતદાન યોજાયું હતું. ચૂંટણીમાં અભેદ સુરક્ષા પુરી પાડતા પોલીસ જવાનોનું ગાંધીનગરમાં બે દિવસીય પોસ્ટલ બેલેટનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે પોલીસ જવાનોએ ઉત્સાહપૂર્વક મતદાન કરી મતદાન ૬૦ ટકા જેટલુ કર્યુ હતુ.

પ્રથમ દિવસે હોમગાર્ડ, ગ્રામ રક્ષક દળ અને પોલીસ જવાનોએ મતદાનમાં રસ દાખવ્યો હતો. ત્યારે આજના બીજા દિવસે પોલીસના અને એસ.આર.પી.ના જવાનોએ મતદાન કરી અમૂલ્ય મત આપ્યો હતો. આજે બન્ને ટુકડીઓના ૧૩૨૦ જેટલા જવાનોએ મતદાન કર્યું છે. ત્યારે હોમગાર્ડ અને જી.આર.ડી.ના જવાનોએ મતદાનમાં નિરસતા દાખવી હતી અને ૨૫ જેટલા જવાનોએ મતદાન કર્યું હતું.

ગાંધીનગર બેઠક પર પોલીસ જવાનોનું પ્રથમ દિવસે ૬૦ ટકા મતદાન થતા એવુ લાગતુ હતુ કે બીજા દિવસે પણ મતદાન પૂર જોશમાં થશે. પરંતુ એવુ બન્યુ નથી ત્યારે આ બંન્ને દિવસનું મતદાન ૮૦ ટકા જેટલુ થવા પામતા સુરક્ષા જવાનોએ પણ પોતાનો મત સુરક્ષિત કરી યોગ્ય ઉમેદવારને આપ્યો છે.



શહેરની ઓમ લેન્ડમાર્ક સ્કુલમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રોલબોલ સ્પર્ધાના પંદર દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા છે. કેમ્પમાં જોડાયેલા વિદ્યાર્થીઓને કોચ દિપ રાવલ, ભાર્ગવ આયર દ્વારા યોગ્ય તાલીમ આપવામાં આવી રહી છે.

# આજે સેક્ટરોમાં કોંગ્રેસનો રોડ-શો

## શહેર તથા આસપાસના ગામડાઓને પણ આવરી લઈને કિરીટ પટેલ લોકસંપર્ક કરશે

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર લોકસભા બેઠકના ઉમેદવાર કિરીટ પટેલે તેમના ચુંટણી -વાસ કાર્યક્રમ અંતર્ગત લોકસંપર્ક કાર્યક્રમને વેગવંતો બનાવી દીધો છે.અડવાની ને જબરદસ્ત ટક્કર આપવા માટે કોંગ્રેસ ગાંધીનગર ની ટીમ મજબુત બની ગઈ છે.આજે શુક્રવારે કિરીટ પટેલ તથા તેમના સક્રિય કાર્યકરોએ ગાંધીનગર શહેરના હોટેલ એસોસિયેશન ,બાર એસોસિયેશન, શહેર વસાહત મહામંડળ, લારી ગલ્લા એસોસિયેશન કર્મચારી મહામંડળ, સચિવાલય એસોસિયેશન સહીત વિવિધ સંસ્થાઓની મુલાકાત લઈ તેમના હોદ્દેદારો સાથે મંત્રણા કરી હતી.જયારે આવતી કાલે શનિવારે સેક્ટર વાઈસ રોડ શો કોંગ્રેસ દ્વારા કરવામાં આવશે.આ કાર્યક્રમ માં આસપાસના ગ્રામ્ય વિસ્તારને પણ આવરી લેવામાં આવશે.

શુક્રવારે યોજાયેલા લોકસંપર્ક કાર્યક્રમમાં ઉમેદવાર કિરીટ પટેલ , -દેશ સમિતિ ઈન્ચાર્જ અશોકભાઈ પંજાબી, શહેર-જીલ્લા કોંગ્રેસ -મુખ મુકેશ પટેલ તથા પક્ષના નેતા ચીમનભાઈ વિંઝુડા , તેજાભાઈ દેસાઈ, માનાજી મારવાડી , મીનાબેન વાઘેલા, સ્ટેન્ડીંગ કમીટીના પૂર્વ ચેરમેન -વીણભાઈ પટેલ, તમામ કોર્પોરેટર્સ ,વિવિધ સેલના હોદ્દેદારો, યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ અને એન.એસ. યુ.આઈ ના કાર્યકરો મળીને મોટી સંખ્યામાં એકત્ર થઈ લોકસંપર્ક કાર્યક્રમમાં જોડાયા હતા. તમામ સંસ્થાઓ તથા શહેરીજનો તરફ થી પણ ખુબ સારો આવકાર મળવા પામ્યો હતો. આવતી કાલે શનીવારે કિરીટ પટેલ નો સેક્ટર વાઈસ રોડ શો યોજાનાર છે.સવારે ૮ વાગ્યે સે.૧ ગાયત્રી મંદિરથી -સ્થાન કરીને સે.૨, ૩, ૩ ન્યુ, થઈ તમામ સેક્ટર માં ફર્યા બાદ આદીવાડા, જી.ઈ.બી, ચરેડી , ઈન્દ્રોડા , ધોળાકુવા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ફરશે અને ઈન્ફોસોટી ખાતે લોકસંપર્ક કાર્યક્રમ- રોડ શો ની પુર્ણાહુતી કરશે.

# ગાંધીનગર-કલોલને જોડતા વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળાનો ભય વર્તાય છે

## ખોરજ પંથકમાં આજે વધુ એક કોલેરાનો કેસ મળ્યો : તંત્રમાં હડકંપ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કલોલ અને ગાંધીનગર તાલુકાની હદોને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં પાણી જન્ય રોગચાળાએ માથુ ઉંચક્યું છે. ગાંધીનગર-અમદાવાદને જોડતી હદ નજીક એક ખાનગી કન્સ્ટ્રકશન કંપનીના મજૂરોની વસાહતમાંથી આજે એક વધુ કોલેરાનો કેસ મળ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ મજૂરોની આ વસાહતમાંથી આજે ૬ઠ્ઠો કોલેરાનો પોઝીટીવ કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામી છે. આજે તોબડતોબ જિલ્લાની આરોગ્ય શાખાના અધિકારીઓ આ વિસ્તારની મુલાકાતે પહોંચ્યા હતા. તેમજ લેવામાં આવેલા પગલાંઓની સમીક્ષા કરી હતી. એટલુ જ નહિ શું શું ત્રુટીઓ છે તે અંગેનો રિપોર્ટ પણ તૈયાર કર્યો છે.

૨૨ વર્ષની આયુ ધરાવતો મજૂર કોલેરાની ઝપેટમાં આવી ગયો છે. તેને સારવાર માટે અમદાવાદની સોલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેની હાલત સ્થિર બતાવવામાં આવી રહી છે.

ગાંધીનગર અને કલોલ તાલુકાની હદોને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારમાં પેયજળની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે. તાજેતરમાં એક અન્ય દર્દીને પણ કોલેરા પોઝીટીવ જણાતાં તેને સારવાર માટે સોલા દાખલ કરવામાં આવ્યો હતો. પાછળથી તંત્રએ તપાસ કરી તો આ દર્દીનો પત્તો જ નથી મળ્યો.

પેયજળની ગુણવત્તાને લઈ ઉભા થયેલા પ્રશ્નાર્થો અને પાણીજન્ય રોગચાળાના કેસો છુટા-છવાયા જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્ર પણ હવે શું કરવુ તેની મુંઝવણમાં છે. આ કન્સ્ટ્રકશન સાઈડ જે રીતે ચાલે છે તે ઘણી મોટી છે અને રાજકીય વગ પણ મજબુત ધરાવે છે. આ મજૂરોની વસાહતમાંથી વારંવાર કોલેરાના કેસ મળી રહ્યા છે. આ અગાઉ પણ ૩ જેટલા પોઝીટીવ કેસ મળ્યા હતા જે ઉલ્લેખનીય છે.

# શહેરમાં રૂદ્રાભિષેક મંડળ અતિરૂદ્ર પાઠ યોજશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર રૂદ્રાભિષેક મંડળ દ્વારા અતિરૂદ્ર પાઠ કરવામાં આવશે. ગાંધીનગર સે-૧૬માં આવેલ બ્રહ્મભવન ખાતે તા.૩૧ મે થી તા. ૬ જૂન દરમિયાન અતિરૂદ્ર પાઠાત્મક યોજવામાં આવશે. પાઠમાં નગરના ભૂદેવો જેઓ રૂદ્રી ભણાવતા હોય તેઓએ પોતાનું યોગદાન આપવા મંડળના પ્રમુખે જણાવ્યું છે. જે ભૂદેવો સવેતન યોગદાન આપવા ઈચ્છુક હોય તેમણે રવિન્દ્રભાઈ દવે ૯૪૨૮૦ ૧૭૭૯૫, રમણીકભાઈ વ્યાસ-૯૯૦૪૧ ૬૩૩૫૫ અને બાબુભાઈ શર્મા ૯૮૨૫૧ ૨૫૬૦૨ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# સે. ૨૨માં આજે ગાંધી મિત્રવર્તુળની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધી મિત્ર વર્તુળની બેઠક આજરોજ શનિવાર સાંજે ૪.૩૦ કલાકે ગાંધીજન ગિજુભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૨૮, વાસ્તુ નિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨ ખાતે યોજવામાં આવશે. તેમ પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.



આજે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી નિમિત્તે સમગ્ર જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. માણસા ખાતે મલ્ટીપરપઝ હેલ્થ વર્કરો સાથે મેલેરિયા અંગે સંવાદ તેમજ એક રોલપ્લેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા તો કલોલના રાંચરડા ખાતે એન્ટી લારવેલની સામુહિક કામગીરી અંતર્ગત થનાર દવાના સ્પ્રે ને લઈ યોજાયેલ ગુરૂ શિબિરમાં જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ વાહક જન્ય રોગચાળા સામે શું શું અટકાયતી પગલાં લેવા જોઈએ તેની સમજણ ગ્રામજનોને આપી હતી.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન મોહનભાઈ પરમાર (ઉ.વ.૬૫) મુ.વાસણા ચૌધરી, તા. દહેગામ, જી. ગાંધીનગર.
- સ્વ. મંગુબેન બાબુજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ.કરશનપુર, તા.જી.ગાંધીનગર.
- સ્વ. લીંબાચીયા બાબુભાઈ પ્રહલાદભાઈ (ઉ.વ.૬૮) પ્લોટ નં.૧૧૦/૧, સેક્ટર-૪એ, ગાંધીનગર
- સ્વ. રામસિંહ લક્ષ્મણજી વાઘેલા (ઉ.વ.૮૦) મુ.પો. પીંડારડા, તા.જી.ગાંધીનગર

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૦૫

## તાપમાન

મહત્તમ : ૪૦.૭ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૦ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦, ૧૦.૦૦
રીવોલ્વર રાની : ૧૨.૪૫, ૬.૪૫
: સ્ક્રીન-૩ :
સન ઓફ ગોડ (અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦
કાંચી : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
કાંચી : ૨.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦, ૬.૩૦
રીવોલ્વર રાની : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
સમ્રાટ એન્ડ કો. : ૧૦.૦૦ ● કાંચી : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦ ● રીવોલ્વર રાની : ૧૨.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કાંચી : ૧૦.૧૫, ૧.૨૫, ૪.૩૫, ૧૦.૨૫
સમ્રાટ એન્ડ કો. : ૭.૪૫
: સ્ક્રીન-૨ :
રીવોલ્વર રાની : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
ભૂતનાથ રીટર્ન : ૫.૧૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૯.૦૦, ૧૨.૦૦
૨ સ્ટેટસ્ : ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રીવોલ્વર રાની : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૩૦
કાંચી : ૪.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
કાંચી : ૧૦.૧૫(સવારે), ૧૦.૧૫(રાત્રી)
સમ્રાટ એન્ડ કો. : ૧.૧૫, ૭.૧૫ ● રીવોલ્વર રાની : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટ્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦, ૭.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.